# કૉમર્સ વિભાગ

સમર્પણ કૉલેજમાં અસ્તિત્વની સાથે સાથે જ કૉમર્સ વિભાગનો ઉદ્‌ભવ પણ ઈ.સ. ૧૯૯૬માં થયો. ગુજરાત રાજ્યનું લોકમાનસ પ્રથમથી જ સહજપણે ઔદ્યોગિક ક્ષેત્ર પ્રતિ ઢળેલું છે, તેવી તાસીર ધરાવતા રાજ્યની રાજધાનીમાં સંસ્થા આવેલી હોય ત્યારે આ વિભાગનું મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા ખીલવવી, સંચાલકીય ક્ષમતાઓ વિકસાવવી અને વૈશ્વિક ઉદ્યોગજગતના ફલક માટેનો બૌદ્ધિક અભિગમ વિદ્યાર્થીઓ કેળવે એ રહેલું છે.

વર્તમાન સમયમાં કૉમર્સ વિભાગનાં અધ્યક્ષા ડૉ. લલિતા સોલંકી તેમજ ડૉ. મનીષા રબારીના સહયોગથી અંદાજે સાડા ચારસો જેટલાં વિદ્યાર્થીઓ શ્રી બાપુસાહેબે વાવેલ સંસ્થાકીય બીજ વિચારધારાનો લાભ મેળવી રહ્યાં છે, જેના પરિપાકરૂપે ખાંટ હિતેશજી અને ખાંટ મહેશજી વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૧૮-૧૯ એમ સતત બે વર્ષ સુધી યુનિવર્સિટી પરીક્ષામાં એકાઉન્ટન્સી વિષયમાં ૭૦માંથી ૭૦ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ રહ્યા છે. તો સતત છેલ્લાં બે વર્ષથી આ સંસ્થામાં જી.એસ. તરીકે રાઠોડ વિજય બી. (૨૦૧૮-૧૯) અને ખાંટ મહેશ સી. (૨૦૧૯-૨૦) મેરિટ બેઝ, પરમાર વિધિ (૨૦૧૮-૧૯) તથા ખત્રી પ્રાચી (૨૦૧૮-૧૯), રાવલ રવીન્દ્ર (૨૦૧૭-૧૮), પટેલ જય (૨૦૧૬-૧૭) પોતાનો Online Trading in Domestic Productsનો બિઝનેસ ધરાવે છે. રાઠોડ વિજય બી.ની કેપ્ટનશિપ તળે (૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦) એમ સતત ત્રણ વર્ષ સુધી કૉમર્સ વિભાગ અંતરકૉલેજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાન મેળવી સંસ્થાનું નામ ઉજાગર કરેલું છે. તો પટેલ જગદીશ (૨૦૧૭-૧૮) તથા મનસુરી અમન (૨૦૧૬-૧૭) નૅશનલ લેવલ કબડ્ડીને સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક તથા ગુજરાત યુનિવર્સિટીમાં રાજ્યકક્ષાએ કબડ્ડી કોચ તરીકે પટેલ હર્ષ (૨૦૧૬-૧૭) પોતાની સેવાઓ આપી રહ્યા છે. આટલું જ નહીં વર્ષ ૨૦૦૮-૦૯ની બેચના વિદ્યાર્થી જોષી કર્ણવભાઈ અત્યારે વૈશ્વિક કક્ષાએ ભાગવત કથાકાર તરીકે વ્યાસપીઠ પર સ્થાન શોભાવે છે. તો ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦ દરમ્યાન સતત ત્રણ વર્ષ સુધી આ સંસ્થાના વિદ્યાર્થી પરમાર રિશીરાજ એસ. ગુજરાત સાહિત્ય નાટ્ય અને સંગીત અકાદમી તરફથી યોજાયેલી રાજ્યકક્ષાની સંગીત સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી 'Best Singer of the City'નો ખિતાબ મેળવેલો છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય યુવા રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ તરફથી યોજાયેલી ગાંધીનગર જિલ્લાકક્ષાની સારેગામા સ્પર્ધામાં દ્વિતીય અને સ્મિત મ્યુઝિક એકેડેમી દ્વારા યોજાયેલી સાર્વજનિક ગણેશ મહોત્સવ સંગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી સંસ્થાનું નામ ઉજાગર કરેલું છે. તદ્‌ઉપરાંત શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ની બેચનાં વિદ્યાર્થિની કુ. સુથાર નિધિ, બાયડ તાલુકા ખાતે તલાટી-કમ-મંત્રી તરીકે તો પટેલ બીનલ એમ. માણસા તાલુકાના લોદરા મુકામે ગ્રામીણ બૅંકમાં કૅશિયર તરીકે ફરજ બજાવે છે. તો મકવાણા જિતેન્દ્ર એમ. (૨૦૧૬-૧૭), પંચાલ વિનોદ બી. (૨૦૧૫-૧૬) અને સોલંકી દિનેશ આઈ. (૨૦૦૯-૧૦) વિદ્યાર્થીઓ અનુક્રમે આણંદ જિલ્લા પોલીસ કોન્સ્ટેબલ, અમદાવાદ શાહીબાગ પોલીસ સ્ટેશન હેડ, પોલીસ ક્વાટર્સ, તેમજ પી.એસ.આઈ. નર્મદા બટાલિયન કેવડિયા કોલોની ખાતે હાલમાં પોતાની ફરજો અદા કરે છે. આમ કૉમર્સ વિભાગના વિદ્યાર્થીઓએ સમાજના દરેક ક્ષેત્રે કલાકૌશલ્ય અને સમર્પણ સંસ્કાર જ્ઞાનના યોગદાન થકી સંસ્થાનું નામ ઉજાગર કરી રહ્યા છે.

સંસ્થામાં અધ્યયનશીલ વાતાવરણ સર્જાય, વૈશ્વિક વાણિજ્યક્ષેત્રે પ્રવાહિત આર્થિક બાબતોથી વિદ્યાર્થીઓ અવગત થાય ને સતત અભ્યાસરત રહે માટે વિભાગનાં અધ્યક્ષા ડૉ. લલિતા સોલંકીના વડપણ અને આગેવાની તથા માર્ગદર્શન તળે વિભાગમાં વિવિધ વિદ્યાર્થી કેન્દ્રીય પ્રવૃત્તિઓનું આયોજન થતું રહ્યું છે. જેમાં ૨૦૧ ઉના શૈક્ષણિક વર્ષમાં અમેરિકાની ઓકલોહામા યુનિવર્સિટીમાંથી વિદ્વાન વક્તા ડૉ. બિરુદ સિંધવનું Marketing Strategy of China વિષય પર તજ્જ્ઞ વ્યાખ્યાન આયોજિત કરવામાં આવેલું, તો ગુજરાત યુનિવર્સિટીના એસ.ડી. સ્કૂલ ઑફ કૉમર્સના ભૂતપૂર્વ ડાયરેક્ટર ડૉ. હરીશ એસ. ઓઝાનું 'Ethics in Accounting' વિષય પર તજ્જ્ઞ વ્યાખ્યાન, તેમજ Indian Chartered Accountants Association - Delhi ખાતેથી ડૉ. છવી કોચરનું 'Company Secretary : as a Career' વિષય પરનું તજ્જ્ઞ વ્યાખ્યાન નોંધપાત્ર રહ્યાં છે. તદ્‌ઉપરાંત વિદ્યાર્થી સજ્જતા શિબિર, રાષ્ટ્રીય કક્ષાનાં સેમિનાર, વર્કશોપ, વેબિનાર, વ્યાખ્યાનમાળા, અતિથિ વ્યાખ્યાનો, જૂથચર્ચા, ભીંતપત્રો સર્જન, વિષયલક્ષી ક્વીઝ સ્પર્ધા, સ્ટડી ટૂર, રિસર્ચ પ્રોજેક્ટ વર્ક, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ટર્નશિપ વગેરે જેવાં આયોજનો સતત થતાં રહે છે.



વિદ્યાર્થી સજ્જતા શિબિર : ૨૦૧૮-૧૯ - વિવિધ તજ્જ્ઞ વક્તાઓ વિભાગીય અધ્યક્ષા : ડૉ. લલિતા સોલંકી
તથા પ્રિ. ડૉ. દીપક પંડ્યા (સ્થળ : સમર્પણ આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર)



વિદ્યાર્થી સજ્જતા શિબિર : ૨૦૧૮-૧૯ - ઉદ્‌ઘાટન બેઠક બીજરૂપ વક્તવ્ય : ડૉ. હરીશ એસ. ઓઝા, પૂર્વ ડાયરેક્ટર
સ્કૂલ ઓફ કૉમર્સ, ગુજ. યુનિ., અમદાવાદ (સ્થળ : સમર્પણ આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર)



ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ કરિયર ઈન્ફોર્મેશન સેમિનાર : ૨૦૧૮-૧૯
(સ્થળ : સમર્પણ આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર)



અતિથિ વ્યાખ્યાન : ડૉ. બિરુદ સિંધવ, ઓકલોહામા યુનિ. યુ.એસ.એ. (અમેરિકા), માર્કેટિંગ સ્ટ્રેટેજી ઑફ ચાઈના - શૈ.વર્ષ ૨૦૧૩-૧૪ -
આયોજક-ઉદ્‌ઘોષક : ડૉ. લલિતા સોલંકી (સ્થળ : નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉ-ઑપરેટિવ મેનેજમેન્ટ), NICM ગાંધીનગર અને સમર્પણ કૉલેજ



સ્ટડી ટૂર : બરોડા, વિક્ટોરિયલ મ્યુઝિયમ, ૨૦૧૩-૧૪
આયોજક : ડૉ. લલિતા સોલંકી અને પ્રા. સુરેન્દ્રસિંહ વાઘેલા (સમર્પણ કૉલેજ, ગાંધીનગર)



ઈન્ડસ્ટ્રિયલ ઈન્ટર્નશિપ : ૧૯-૨૦ મધુર ડેરી, ગાંધીનગર અને સમર્પણ કૉલેજ
આયોજક : પ્રા. સમીમ ઘાંચી અને પ્રા. જે. જી. ચૌહાણ



તજ્જ્ઞ વ્યાખ્યાન : શૈ.વર્ષ ૨૦૧૯-૨૦ - ડૉ. ચિરાગ વી. રાવલ, હેડ કૉમર્સ વિભાગ - રાધનપુર,
કૉમર્સ કૉલેજ, આયોજક અને સંચાલક : ડૉ. લલિતા સોલંકી (સ્થળ : સમર્પણ કૉલેજ, ગાંધીનગર)



અતિથિ વ્યાખ્યાન : પ્રો. છબી કોચર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશન, દિલ્હી
આયોજક : ડૉ. લલિતા સોલંકી (સ્થળ : સમર્પણ કૉલેજ, ગાંધીનગર)